॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર

જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

નખત્રાણા-કચ્છ

● સં. ૨૦૭૯ ● કાર્તિક સુદ-૩ ● તા. ૨૮-૧૦-૨૦૨૨ ● શુક્રવાર SDP NO: 918 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

કચ્છની વિધાનસભા બેઠકો માટે ધમધમાટ

વર્તમાન બે ધારાસભ્યોએ અબડાસા વિધાનસભા બેઠક પરથી પોતાની દાવેદારી નોંધાવી

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગત રોજ થી ભુજમાં હોટેલ પ્રિન્સ રેસીડેન્સી ખાતે પ્રદેશ કક્ષાએથી આવેલા નિરીક્ષકોની હાજરીમાં કચ્છની ૦૬ વિધાનસભા બેઠકો માટે સેન્સ લેવાની પ્રક્રિયા શુરુ થઈ હતી.

કચ્છની ૦૬ બેઠકો માટે પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા, કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિતેષભાઈ પટેલ અને મહેસાણા સાંસદ શારદાબેન પટેલને હાઈ કમાન્ડ દ્વારા નિરીક્ષક તરીકે જવાબદારી સોપાઈ છે. ગઈકાલે રાતે ભુજ આવી પહોંચેલા પ્રદેશ નિરીક્ષકો દ્વારા આજે સવારે સેન્સ લેવાની શરૂઆત થઈ હતી.

સૌ પ્રથમ માંડવી બેઠક માટે સેન્સ લેવાયા હતા. સવારે ૧૧ વાગ્યાના અરસામાં પ્રક્રિયા શરુ થઈ હતી. માંડવી બેઠક બાદ અબડાસા બેઠક માટે સેન્સ લેવાયા હતા. નિરીક્ષકો શહેર અને તાલુકા ના સંગઠનના હોદ્દેદારોને મળ્યા હતા. સંગઠન બેઠકમાં હોદેદારો ના મંતવ્ય જાણ્યા બાદ પ્રદેશ હોદ્દેદારો વ્યક્તિગત દાવેદારો અને અબડાસા બેઠક હેઠળ આવતા નલિયા, નખત્રાણા અને લખપત તાલુકા વિસ્તારના વિવિધ સમાજોના હોદેદારો અને પ્રતિનિધિ ઓને મળ્યા હતા. અબડાસા મત વિસ્તારના ગઢવી, પટેલ, ક્ષત્રિય, બ્રાહ્મણ વગેરે સમાજના આગેવાનો એ પ્રદેશ નિરીક્ષકો સમક્ષ પોતાના સમાજના પ્રતિનિધિ ને ટિકિટ ફાળવવા માંગ કરી હતી.

અબડાસા વિધાનસભા બેઠક માટે ૧૭ ઉમેદવારો એ દાવેદારી નોંધાવી હતી. વર્તમાન ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા ઉપરાંત માંડવી બેઠકના વર્તમાન ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ પણ અબડાસા બેઠક પરથી ઉમેદવારી માટે પોતાનો દાવો રજૂ કર્યો હતો. અન્ય દાવેદારોમાં દિવ્યાબેન એચ.પટેલ, જયસુખ ડાયાણી, ધર્મેશ કેશરાણી, ભરત સોમજીયાની, વાડીલાલ પોકાર, ગોવિંદ રવજી ભાનુશાલી, ગુલામ હુસેન બલોચ, આરબ હુસેન જત, પ્રવિણસિંહ વાઢેર, શંકર બાબુલાલ, ઉષાબા જાડેજા, જયદીપસિંહ જાડેજા, રાજુભાઈ સરદાર, ચેતનાબા જાડેજા, હસમુખ દેવજી પટેલ, પ્રફુલસિંહ જાડેજા વગેરે ૧૭ જેટલાં દાવેદારોએ ટિકિટ ફાળવવા માંગ કરી હતી. આ બેઠક પરથી ચેતનાબા જાડેજા જેવા શિક્ષિત મહિલા દાવેદારે પણ પોતાની ઉમેદવારી રજૂ કરી છે, ત્યારે તેમને આ બેઠક પરથી લડવાની તક મળશે કે અબડાસા બેઠક પર વર્તમાન ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાને ફરી તક મળશે કે કોઈ અન્ય ઉમેદવારને ભાજપ ટિકિટ ફાળવશે તેના પર મીટ મંડાઈ છે.

પાટીદાર સમાજના દાવેદારો પણ આ વેળા મજબૂત મનોબળ સાથે પોતાના વિસ્તાર ખાસ એવા માંડવી અને અબડાસા માં દાવો કરસે અને સામાજિક પ્રભુતુ નો પણ જરૂર જણાય તો ઉપયોગ કરશે. યુવાઓ નો આક્રોશ છે કે કચ્છ નાં પાટીદાર કચ્છ વિકાસ નો એક હિસ્સો છે જેને વિધાનસભા માં પોતાની રજૂઆત કરવાની અને સુશાસનનો હિસો બનાવો એવી મહત્વની માંગણી તેઓની છે.

પાટીદારોએ પણ પોતાની દાવેદારી નોંધાવી

હાલની વિધાનસભાની ચૂંટણીઓમાં રાષ્ટ્રીય પક્ષોમાં પાટીદાર સમાજ નાં રાજકીય આગેવાનો દ્વારા ટીકીટો માંગણી કરેલ છે. તમામ રાષ્ટ્રીય પાર્ટીઓમાં પાટીદારો નું યોગદાન રહેલું છે અને એમાં ભારતીય જનતા પાર્ટી મા વિશેષ એટલે આવનારી વિધાનસભાની ચૂંટણીઓ માટે અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના રાજકીય વ્યક્તિઓ માંથી ટીકીટ આપવામાં આવે એવી લાગણી અને માંગણી છે. સમગ્ર ભારત માં પથરાયેલ સમાજ હંમેશા રાષ્ટ્રવાદ વિચારધારા ને વરેલો સમાજ છે અને ગુજરાત સાથે આખાય ભારતમાં વસતા કચ્છી પાટીદારો ની લાગણીઓ જોડાયેલી હોય છે અને મોટો સહયોગ વિકાસ માં રહેલો હોય છે આ વખતે વધારે માં વધારે ટીકીટ પાટીદારો ને આપવામાં આવે એવી માગણી છે અને અત્યાર સુધી કચ્છી પટેલો ને ઘણોબધો અન્યાય ટીકીટ બાબતોમાં કરવામાં આવેલ છે આ વખતે આવો અન્યાય સહન કરવામાં નહીં આવે એવી તમામ પક્ષોએ નોંધ લેવી.

માંડવી વિધાનસભા બેઠક માટે દાવેદારોનો રાફડો ફાટ્યો

ભાજપા દ્વારા સેન્સ પ્રક્રિયા પ્રદેશ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં માંડવી બેઠક માટે ૩૫ જેટલા ઉમેદવારોએ નોંધાવી દાવેદારી

સૌ પ્રથમ માંડવી બેઠક માટે સેન્સ લેવાયા હતા. સવારે ૧૧ વાગ્યાના અરસામાં પ્રક્રિયા શરૂ થઈ હતી. નિરીક્ષકો પ્રથમ મુન્દ્રા શહેર અને તાલુકાના સંગઠનના હોદ્દેદારોને મળ્યા હતા. ત્યારબાદ માંડવી શહેર અને તાલુકાના સંગઠન હોદ્દેદારોને મળ્યા હતા. સંગઠન બેઠકમાં હોદેદારોના મંતવ્ય જાણ્યા બાદ પ્રદેશ હોદ્દેદારો વ્યક્તિગત દાવેદારો અને મુન્દ્રા અને માંડવી વિસ્તારના વિવિધ સમાજોના હોદેદારો અને પ્રતિનિધિઓને મળ્યા હતા. મુન્દ્રા અને માંડવી વિસ્તારના ગઢવી, પટેલ, ક્ષત્રિય, બ્રાહ્મણ વગેરે સમાજના આગેવાનો એ પ્રદેશ નિરીક્ષકો સમક્ષ પોતાના સમાજના પ્રતિનિધિને ટિકિટ ફાળવવા માંગ કરી હતી.

માંડવી વિધાનસભા બેઠક માટે ટિકિટના દાવેદારોનો રાફડો ફાટ્યો હતો. વર્તમાન ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા ઉપરાંત અનેક દાવેદારોએ દાવો નોંધાવ્યો હતો. જીલ્લા ભાજપના મહામંત્રી અનિરૂદ્ધ દવે, અમુલભાઈ દેઢિયા, જીગરભાઈ છેડા, રસીકબા ગઢવી, ચેતન ભાનુશાલી, જાડેજા રણજીતસિંહ, બટુકસિંહ જાડેજા, દિવ્યાબા જાડેજા, હરદેવસિંહ જાડેજા, રેખાબેન રાબડીયા, કેશુભાઈ પારસીયા, છાયાબેન ગઢવી, એડવોકેટ મગન ગઢવી, મોમાયાભા ગઢવી, રણજીતસિંહ જાડેજા, મહેન્દ્ર રામાણી, શારદાબેન રાબડીયા, વૈશાલી ગોર, મહેન્દ્ર ગઢવી, પાલુભાઈ ગઢવી વગેરે ઉપરાંત અંદાજે ૩૫ જેટલાં દાવેદારોએ ટિકિટ ફાળવવા માંગ કરી હતી. દાવેદારોએ પોતાના દાવેદારી માટેના ફોર્મ ભરી રજૂ કર્યા છે ત્યારે માંડવી બેઠક પર વર્તમાન ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાને ફરી તક મળશે કે કોઈ અન્ય ઉમેદવારને ભાજપ ટિકિટ ફાળવશે તેના પર મિટ મંડાઈ છે.

રાષ્ટ્રીય સંત શ્રી ભરતદાસાચાર્યજી દેશલપર સંસ્કારધામની મુલાકાતે

રાષ્ટ્રીય સંત પરમ પૂજ્ય ૧૦૮ સ્વામી શ્રી ભરતદાસાચાર્યજી મહારાજ આપણા કચ્છ કડવા પાટીદાર સમાજ અખિલ ભારતીય લક્ષ્મીનારાયણનું કેન્દ્ર સ્થાન દેશલપરની મુલાકાતે

સંત પરમ પૂજ્ય ૧૦૮ સ્વામી શ્રી ભરતદાસાચાર્ય મહારાજ શ્રી વૈષ્ણવ આશ્રમ બ્રહ્મકુંડ વૃંદાવન વાળાએ પોતાની ૨૫ વર્ષની ઉંમરમાં એવું સંકલ્પ સાથે વ્રત લીધેલ છે કે મારે સર્વે જન સુખાય સર્વ જન હિતાય માટે ૧૦૮ મહાયજ્ઞ તથા દીવગંતો ના મોક્ષાર્થે ૧૦૮ ભાગવત સપ્તાહ કરાવવી. તેમણે તારીખ ૨૦:૧૨:૧૯૭૧ થી ૨૮:૧૨:૧૯૭૧ કટની મધ્યપ્રદેશથી પ્રારંભ કરેલ જેને આજે ૫૦ વર્ષ થઈ ગયા અને છેલ્લે તેમનો ૧૦૭ મો મહાયજ્ઞ અને શ્રીમદ ભાગવત સપ્તાહ ઉત્તર ભારત નાં કુરુક્ષેત્ર વિસ્તારના હરિયાણામાં તારીખ ૨૧:૦૫:૨૦૧૮ થી ૧૯:૦૫:૨૦૧૮ માં ૧૦૭ લક્ષ્મીનારાયણ મહાયજ્ઞ તથા ભાગવત સપ્તાહ પૂર્ણ કરી દીધા છે. જે લિસ્ટ

મુજબ ગામ તથા શહેરના નામ છે હવે ૧૦૮ મો એક જ બાકી રહેલ છે તો ૨૦૨૦ માં પૂર્ણ કરવો હતો પણ કોરોના આપતકાલીન ને લીધે બે વર્ષ આયોજન કરવાનું રહી ગયેલ છે. હવે તા. ૧૯:૧૧:૨૦૨૩ થી ૨૭:૧૧:૨૦૨૩ નું આયોજન કરેલ છે. હવે પોતે સ્વામી શ્રી ભરતચાર્ય મહારાજ જ્યાં જ્યાં યજ્ઞ કરેલ છે ત્યાં ત્યાં રૂબરૂ આમંત્રણ આપવા પધારેલ છે. આપણા ગુજરાતમાં ૨૧ યજ્ઞ કરેલ જેમાં આપણા કચ્છમાં ૩૦ વર્ષ પહેલાં ગાંધીધામ, ભુજ, નખત્રાણા યજ્ઞ કરેલ. જેમાં આપણી કેન્દ્રીય અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું કેન્દ્ર લક્ષ્મીનારાયણ દેશલપર માં પણ ત્યાં તા. ૧૯:૯:૨૦૨૨ સોમવારે ૪:૦૦ થી ૮:૦૦ વાગ્યા ના સમય સુધી સત્સંગ રાખવામાં આવેલ અને ૫૦ એકરમાં ભ્રમણ કરેલ તે જોઈને ખુશ થયેલ અને જણાવેલ કે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના દરેક ગામોમાં મેં જોયું છે અને જાણ્યું છે કે દરેક ગામ માં લક્ષ્મીનારાયણના મંદિરો છે હું પણ સનાતન ધર્મનો પ્રચારક છું. લક્ષ્મીનારાયણના મહાયજ્ઞ કરવાનો મારું વ્રત છે હું ભારતભરમાં જાઉં તો તમારા પાટીદારો લાકડાનો ધંધો કરે છે એટલે હું એને આમંત્રણ આપું છું અને ઉત્સાહ પણ દર્શાવે છે. જેઓએ બે કલાક સુધી આપણા ભવનમાં સત્સંગ કરેલ જેમા કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ જયંતીભાઈ લાકડાવાળાની હાજરી હતી તથા ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય ના પ્રમુખ હંસરાજભાઈ ધોળું પણ હતા તથા દામજીભાઈ રતનસિંહ ભગત પણ હતા. લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાના મહામંત્રી રતિલાલ પોકાર તથા અન્ય આગેવાનો ૫૦ થી ૬૦ જણાઓએ સત્સંગ અને આયોજન નો લાભ લીધેલ. એમાં રાયપુરના આપણા કેન્દ્રીય સમાજ ના પૂર્વ પ્રમુખ રામજીભાઈ નાકરાની ના મોટાભાઈ નારાયણ બાપા તથા રાયપુર થી પાંચ જણ આવેલા હતા.

બીજે દિવસે નખત્રાણા ફૂડી સતીમા ના આશ્રમમાં

રામાણી ભવન માં ત્રણ દિવસ રોકાયેલ. જ્યાં પણ આપણા સમાજના ભાઈઓ તથા બહેનો એ અંદાજિત ૨૦૦ જણની હાજરીમાં રહેલ સત્સંગ કરેલ અને આમંત્રણ આપેલ છે.

છેલ્લો યજ્ઞ છે જે ૧૦૮ કુંડાત્મક યજ્ઞ થશે

જે અનુક્રમે ૧૦૮ મી ભાગવત સપ્તાહ થશે. તો હું આમંત્રણ આપવા આવ્યો છું તો પધારશો. પછી ઘડુલી કચ્છ મુકામે એક દિવસ રાત્રે સત્સંગ કરીને સીધા ૨૩:૦૯:૨૦૨૨ શુક્રવારે રાજકોટ પધારેલ ત્રણ દિવસ રોકાઈને ૨૬.૯.૨૦૨૨ ના જામનગર, દ્વારકા, ભાવનગર, સુરેન્દ્રનગર પછી અમદાવાદ ચાર દિવસ સ્વામિનારાયણ છારોડી ગુરુકુળમાં રોકાયેલ હતા. ત્યાં કેન્દ્રીય સમાજ ના ઉપ-પ્રમુખ જયંતીભાઈ લાકડાવાળાએ પણ મુલાકાત કરેલ હતી. પછી નડિયાદ ચાર દિવસ , વડોદરા પાંચ દિવસ હતા અને તારીખ ૧૭:૧૦:૨૨ થી ૨૧:૧૦:૨૨ સુધી સુરતમાં રોકાયેલ. ૨૦ થી ૨૭ સુધી વલસાડ રોકાશે. દિવાળી ઉપર વલસાડ હશે પછી વાપી થઈને મહારાષ્ટ્રમાં પ્રવેશ કરસે કેમકે તેઓએ પુરા ભારત ભરમાં યજ્ઞ કરેલ છે. મદ્રાસ, કલકત્તા , મુંબઈ , બેંગ્લોર, સીલીગુડી અને હૈદરાબાદ લીસ્ટમાં તારીખ વાર જ્યાં યજ્ઞ કર્યા છે તે બધી માહિતી સહુને જાણકારી માટે છે.

આવા રાષ્ટ્રીય સંત ૧૦૮ જે સનાતન ધર્મ પ્રચારક અને કોઈને ત્યાં જમવું નહીં પાણી પણ પીવું નહીં પોતાના બે શિષ્યો છે જે બનાવે તે જ ખાવું અને પીવું તો આવા લક્ષ્મીનારાયણના મહાયજ્ઞ સતત છેલ્લા ૫૦ વર્ષથી કરી રહેલ છે. તેનો લાભ લેવો અને દર્શન તથા સત્સંગ નો લાભ લેવો જોઈએ.

સર્વજન સુખાય સર્વજન હિતાય.
સર્વત્ર સુખિનઃ સન્તુ
સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાની પશ્યન્તુ
મા કશ્ચિત દુઃખમાપન્યુયાત
ઓમ શાંતિ શાંતિ શાંતિઃ

સંકલનઃ યાત્રી દિલીપકુમાર સાંખલા, રાજકોટ
સંયોજકઃ અર્જુનભાઈ નારાયણભાઈ સાંખલા રાજકોટ

ટાટા એરબસને ભારતીય વાયુસેના માટે સી-૨૯૫ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બનાવવા માટે મંજુરી મળી છે. ભારતમાં બનેલા એરક્રાફ્ટની સપ્લાય ૨૦૨૬ થી શરૂ થશે. પ્રથમ ૧૬ એરક્રાફ્ટ ૨૦૨૩ થી ૨૦૨૫માં આવશે. વડાપ્રધાન મોદી વડોદરા ખાતે ૩૦ ઓક્ટોબરના રોજ શિલાન્યાસ કરશે.

શ્રી કુડાલ પાટીદાર સમાજ આપી સ્વરૂચિ ભોજનનો આસ્વાદ આનંદ લીધો હતો. નવા વર્ષે સ્નેહમિલનનો તેની સાથે સાથે સરસ્વતી કાર્યક્રમ રાખેલ હતો. જેમાં સન્માનનો કાર્યક્રમ યોજ પરસ્પર મળી બધાએ વિધાર્થીઓને સન્માનીત એકબીજાને અભિનંદન કરવામાં આવ્યા હતા.

શ્રી ગડહિંગ્લજ પાટીદાર સમાજ દ્વારા દિવાળી અને નવા વર્ષના સ્નેહમિલન કાર્યક્રમમાં નાના બાળકોનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યુ. સાથે સાથે બ્લડ ડોનેશનનો કેમ્પ પણ યોજવામાં આવેલ. જેમાં સમાજના ૪૦ જેટલા સભ્યોએ ભાગ લઈ લોહીનું અમુલ્ય દાન આપીને નવા વર્ષની શુભ શરૂઆત પરોપકારના કર્તવ્ય દ્વારા કરવામાં આવેલ.

અભિનંદન

શ્રી કાંતિલાલભાઈ સાંખલા

માનનીય શ્રી કાંતિલાલભાઈ ચુનીલાલભાઈ સાંખલા, કચ્છમાં ગામ ઉખેડા, હાલે : મુ. પિંપલગામ નાશિક. એમની પિંપલગામ મર્ચંટ કો-ઓપ.બેન્ક ની પંચવર્ષીય ચૂંટણી ૨૦૨૨ થી ૨૦૨૭ની ટર્મ દરમ્યાન બિન વિરોધ સંચાલક પદે ફરી એક વખત નિમણૂંક થવા બદલ ખુબ ખુબ અભિનંદન સાથે ખુબ સારી હાર્દિક શુભેચ્છાઓ.

તેઓશ્રી વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ની ટર્મમાં PMCO બેંકના વાઇસ ચેરમેન તરીકે સેવા આપી ચુક્યા છે.

કાંતિભાઈ આપ સમાજીક ક્ષેત્રે તેમજ વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે ખૂબ ખૂબ પ્રગતિ કરતા રહો. એવી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી માઁ ઉમિયા પાસે પ્રાર્થના

સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ આપને અભિનંદીત કરે છે.

રમેશ ડી વાસાણી, નાશિક

જલગાંવમાં સ્નેહમિલન અને સરસ્વતી સન્માન

જલગાંવ સમાજ દ્વારા પરીવાર સાથે નું સ્નેહ મિલન અને વિદ્યાર્થિ ઓનો સરસ્વતી સમારોહ તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૨ના સાંજે ૦૫ વાગ્યે એટલે ગ્રહણ નાં દિવસે પટેલવાડીમા રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમ ગણપતિ વંદના બાદ પ્રસ્તાવના સમાજ ના મહામંત્રી કિશોરભાઈ પારસિયા દ્વારા આપવામાં આવી. ત્યારબાદ સમાજ ના પ્રમુખ અને હોદેદારોને સ્થાન ગ્રહણ અને અભિવાદન મંત્રી વેણીલાલ માનાણી અને જવાહર લીંબાણી દ્વારા કરવામાં આવ્યુ હતું. સમાજના મંચસ્થ હોદેદારો દ્વારા દીપ પ્રાગટય કરીને સ્નેહમીલનનો શુભારંભ કરવામાં આવ્યો. ત્યારબાદ સમાજની દીકરીઓ એ ભાવગીત ની સુંદર રજુઆત કરી હતી. સમાજના જે પણ ભાઈ અને બહેનોએ સામાજીક, રાજકીય, શૈક્ષણિક, રમતગમત ક્ષેત્રે અથવા બીજી કોઈ પણ ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવ્યું હોય તેમનું સન્માન પ્રમુખ શંકરભાઈ લીંબાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષણ સમિતિએ છત્રપતિ શિવાજી મહારાજની થીમ દ્વારા સમાજના દિકરા દિકરીઓને સરસ્વતી સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુક્ત મંતવ્ય નાં સેશન મા સમાજના પ્રમુખ શંકરભાઈ લીંબાણીએ કેન્દ્રીય સમાજની ગતીવીધી સાથે સ્થાનિક સમાજની ગતિવિધિ ઓથી માહિતગાર કર્યા હતા. ખકઈ આમદાર ચંદ્રેશભાઈ રુડાણીએ શિક્ષણ મહત્વ નુ છે પણ સાથે સાથે અન્ય ફેકલ્ટી ની જાણકારી સાથે ક્યાય પણ ના મુઝાવવુ અને મોબાઈલ નો ખપ પુરતો ઉપયોગ કરવા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. જવાહર લીંબાણી એ સમય સાથે વિચાર પરીવર્તન હોવુ જોઈએ પરંતુ મર્યાદામા રહીને અનુગ્રહ કરવા જોઈએ તેવા વિચાર વ્યક્ત કર્યો હતા. યુવક મંડળના પ્રમુખ દીપક પારસીયાએ મોબાઈલ પર વધારે સમયના આપતા ફીઝીકલ એકટીવીટી કરવા પર વધારે ધ્યાન આપવું જોઈએ તે અનુરૂપ વિચાર વ્યક્ત કર્યા હતા. યુવકમંડળ મહામંત્રી પ્રકાશ નાકરાણીએ યુવકમંડળ અને યુવાસંઘની ગતિવિધિઓ થી માહિતગાર કર્યા હતા. કેન્દ્રીય મહીલાસંઘ કારોબારી સદસ્ય લક્ષ્મીબેન લીંબાણીએ મહીલાસંઘની ઝોન રચનાની જાણકારી આપી હતી. મહીલામંડળના પ્રમુખ સુમિત્રાબેન નાકરાણી એ બહેનોને મોબાઈલ થી દુર રહીને પરીવાર સાથે સંબંધો વધુ મજબૂત બનાવવા અને સાથે છુટાછેડા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. મહીલામંડળના મહામંત્રી રંજનબેન ભાવાણીએ કેન્દ્રીય શ્રીસમાજ ના આવનાર શતાબ્દી મહોત્સવની સાથે રદ્દી સે સમૃદ્ધિ ની માહિતી આપી અને વધારે મા વધારે રદ્દી દાન અર્પણ કરવા સહયોગી બનવા આહ્વાન કર્યું હતું. હીતેષભાઈ સાંખલાએ યુવાસંઘના ઈવેન્ટમાં ઉંમર માર્યદા લીમીટ માટે પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું હતું કે જો ઉંમર ૪૭ સુધીની મર્યાદા હોવી જોઈએ. તેઓએ ઈવેન્ટમાં ૩૦ વરસની મર્યાદા પર નારાજગી વ્યક્ત કરી હતી. નેહાબેન રુડાણીએ ભગવદગીતાના ઉપદેશને જીવનમાં ઉતારવા પર વિચાર વ્યક્ત કર્યા હતા. આરાધ્ય ભાવાણી એ શિક્ષાનો ત્રિરંગો લહેરાવ્યો હતો તો મીરા ચલ્હાણે અને જીનલ સાંખલા એ નવા વરસની અભિવ્યક્તિ વ્યક્ત કરી હતી. ત્યારબાદ મંત્રી વેણીલાલ માનાણી એ આભાર વીધી કરી હતી. સમગ્ર સ્નેહ મિલનનુ સંચાલન સમાજના મહામંત્રી કિશોરભાઈ પારસિયા એ કરેલ હતું. છેલ્લે રાષ્ટ્ર ગાન સાથે સમાપન કરવામાં આવ્યુ હતું. છેલ્લે સૌ સમાજ જનો એ સાથે ભોજન લીધું હતું. પરસ્પર અભિવાદન અને આવનાર શુભ નૂતન વર્ષ ની એડવાન્સ માં શુભેચ્છા પાઠવી હતી.

સંયોજક : રંજનબેન ભાવાણી

કરાડમાં સો મીલમાં ભયંકર આગ

કરાડમાં વિષ્ણુ સો મીલ નામે લાકડાના કારખાનામાં ભીષણ આગ, લાખોનું નુકસાન.

તા.૨૭-૧૦-૨૦૨૨ ગુરૂવારના અડધી રાતે સુમારે ૧.૩૦ વાગે માનણ અરજણ પોકાર (ટોડીયા) કરાડ, મહારાષ્ટ્ર. શ્રી લક્ષ્મી સો મિલ માં અચાનક આગ લાગતા સો મિલનો શેડ અને તેમાંની લાકડાની તમામ સાઈઝ અગ્નિ માં બળી જવાથી સંપૂર્ણ નાશ થયેલ છે અને મશિનરીને પણ મોટું નુકસાન થયેલ છે.

રાતો રાત સમાજના ભાઈઓ તથા યુવક મંડળને જાણ થતા સર્વે ભાઈઓ ઘટના સ્થળે પહોચી ગયા અને તેમના ભગીરથ પ્રયત્નો ને કારણે તેમજ ફાયર બ્રિગેડ ટીમના સહકારને લીધે આગને નિયંત્રણમાં લેવામાં આવેલ.

કરાડ માં ઉર્દુ સ્કુલની સામે આવેલ લક્ષ્મી સો મીલમાં મોડી રાત્રે એક લાકડાના શેડમાં આગ લાગતા લાખો રૂપિયાનું નુકશાન થયું હતું. પોલિસ ઈન્સ્પેક્ટર બી.આર.પાટીલ તેમજ MSEB સ્ટાફ તાત્કાલીક દોડી ગયો હતા

આગ લાગતાની સાથે જ સ્થાનિકોએ ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરી હતી. આગે પૂર્ણ સ્વરૂપે સંપૂર્ણ જવાળાઓ ગ્રહણ કરતાં કરાડ નગરપાલિકા ની બંને ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યારે સહ્યાદ્રી ફેક્ટરીની એક કાર બચાવ કામગીરીમાં આવી હતી અને આગ ને કંટ્રોલ કરી શક્યા. કેમ આગ લાગી તે જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હશે.

આશરે ૪૫ વર્ષ પહેલા પટેલ પરિવારે આ સ્થળે સો મિલ બનાવી હતી. તેની સાથે નજીકમાં અન્ય કેટલીક સો મિલો આવેલી છે. શહેરમાં દસ લાકડાની સો મિલો આવેલી છે. અહીં આગ લાગવાની ઘટના પ્રથમવાર બની હોવાનું કહેવાય છે. આ સો મિલ ની બાજુમાં વીજ પોલ પર ટ્રાન્સફોર્મર હોવાથી વીજકર્મીઓએ તાત્કાલિક વીજ પુરવઠો કાપી નાખ્યો હતો. જેથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

અવસાન નોંધ

તા. ૨૭/૧૦/૨૦૨૨

સ્વ. શારદાબેન પ્રેમજીભાઈ વાલાણી ઉંમર : ૫૮ વર્ષ, કચ્છમાં : વિથોણ, હાલે : નરોડા-અમદાવાદ	સ્વ. કાંતાબેન પ્રેમજીભાઈ માવાણી ઉંમર : ૯૦ વર્ષ, કચ્છમાં : દેશલપર (વાંઢાય) હાલે : કનીજલાટ (મહેમદાવાદ)
સ્વ. મોંઘીબેન દેવજીભાઈ ગોરાણી ઉંમર : ૮૦ વર્ષ, કચ્છમાં : વિરાણી મોટી	સ્વ. આનંદીબેન શિવલાલભાઈ ધોળુ ઉંમર : ૨૩ વર્ષ, કચ્છમાં : પદમપુર